# ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## તા. 21/02/2015ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગુજરાત વિદ્યાપીઠની વર્ષ-2015ની વિદ્યાસભાની બેઠક કુલનાયક પ્રો. અનામિક શાહના અધ્યક્ષસ્થાને તા. 21-02-2015ના રોજ સવારના 10-00 વાગ્યે મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયના પરિસંવાદ ખંડમાં મળી હતી. આ બેઠકમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

1. પ્રો. અનામિક શાહ : કુલનાયક, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
2. પ્રો. કનુભાઈ નાયક : આચાર્ય, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ.
3. ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા : આચાર્ય, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ
4. ડૉ. જમનાદાસ સાવલિયા : સંયોજક, મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા.
5. ડૉ. સંધ્યાબહેન ઠાકર : નિયામક, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, અમદાવાદ.
6. ડૉ. કનૈયાલાલ નાયક : સંયોજક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા
7. ડૉ. પ્રદીપભાઈ આચાર્ય : ઇન્ચાર્જ, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા
8. ડૉ. હરિભાઈ પટેલ : સંયોજક, અભ્યાસક્રમ વિકાસ એકમ, ગૂ.વિ., અમદાવાદ
9. ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય : અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ.
10. ડૉ. જશવંતભાઈ પંડ્યા : અધ્યક્ષ, હિન્દી વિભાગ, મ. દે. સ. મહા., ગૂ. વિ., અમદાવાદ.
11. ડૉ. મહેબૂબભાઈ દેસાઈ : અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ
12. ડૉ. નિમિષાબહેન શુક્લ : અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, મ. દે. સ. મહા., ગૂ. વિ., અમદાવાદ.
13. ડૉ. મહેશભાઈ ગામીત : કા. અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, મ.દે., ગૂ. વિ.
14. ડૉ. આનંદીબહેન પટેલ : કા. અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, મ. દે. સ. મહા., ગૂ. વિ., અમદાવાદ.
15. ડૉ. અજયભાઈ પરીખ : ઇન્ચાર્જ, કમ્પ્યૂટર વિભાગ, મ. દે. સ. મહા., ગૂ. વિ., અમદાવાદ.
16. ડૉ. વિનોદભાઈ પાંડેય : અધ્યક્ષ, પત્રકારત્વ વિભાગ, મ. દે. સ. મહા., ગૂ. વિ., અમદાવાદ.
17. શ્રી પ્રજ્ઞાબહેન પાઠક : ગ્રંથપાલ, ગ્રંથાલય, ગૂ. વિ., અમદાવાદ
18. ડૉ. ભરતભાઈ જોશી : પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ

19. ડૉ. આરતીબહેન પટેલ : પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ

20. ડૉ. કોકિલાબહેન પારેખ : પ્રાધ્યાપક, હિન્દી શિક્ષક મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ

21. ડૉ. રામ ગોપાલ સિંહ : પ્રાધ્યાપક, હિન્દી વિભાગ, મ. દે. સ. મહા., ગૂ. વિ., અમદાવાદ

22. ડૉ. ગીતાબહેન વ્યાસ : પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, મ. દે. સ. મહા., ગૂ. વિ., અમદાવાદ

23. ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : પ્રાધ્યાપક, મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા.

24. ડૉ. જગદીશભાઈ સાવલિયા : પ્રાધ્યાપક, મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા.

25. ડૉ. દુગ્ગીરાલા શ્રીનિવાસ : પ્રાધ્યાપક, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, સાદરા.

26. ડૉ. નિખિલ ભટ્ટ : પ્રાધ્યાપક, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, સાદરા.

27. ડૉ. મયુરીબહેન ફાર્મર : પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા

28. ડૉ. ધીરેનભાઈ પટેલ : સહપ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂ.વિ., અમદાવાદ.

29. ડૉ. ગુલાબભાઈ પટેલ : સહપ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા

30. ડૉ. શશિબાલા પંજાબી : સહપ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા

31. શ્રી પૂર્ણિમાબહેન ઉપાધ્યાય : મદદનીશ પ્રાધ્યાપક, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિ., મ.દે. ગૂ.વિ.

32. ડૉ. મયુરભાઈ શાહ : મદદનીશ પ્રાધ્યાપક, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, સાદરા.

33. ડૉ. સંજયભાઈ મકવાણા : મદદનીશ પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા.

34. ડૉ. કે. કે. ખખ્ખર : પૂર્વ પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, સૌ. યુનિ., રાજકોટ

35. ડૉ. રાજેન્દ્ર ખીમાણી : કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

36. શ્રી રણછોડભાઈ ચૌહાણ : પરીક્ષામંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ઉપરોક્ત બેઠકમાં (1) ડૉ. રાજીવભાઈ પટેલ (ઇન્ચાર્જ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર / કા. સંયોજક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા) (2) ડૉ. રંજના હરીશ (આંબાવાડી, અમદાવાદ) (3) ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની (સભ્ય, પૂર્વ નિયામક, એકેડેમિક સ્ટાફ કોલેજ, રાજકોટ) (4) શ્રી ગોવિંદભાઈ રાવલ (ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદએ વિદ્યાસભામાં હાજર ન રહેવા અંગે અગાઉથી જાણ કરી હતી. (1) ડૉ. પુષ્પાબહેન મોતિયાની (કા.અધ્યક્ષ, ગાંધીદર્શન / શાંતિસંશોધન કેન્દ્ર, ગૂ. વિ., અમદાવાદ) અત્યારે વિદેશ હોવાથી ઉપસ્થિત રહ્યાં ન હતાં. પરીક્ષા વિભાગ તરફથી વિભાગીય અધિકારી શ્રી હેમંત ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.

કાર્ય-1 તા. 12/09/2014 ની વિદ્યાસભાના અહેવાલનોંધ અંગે આવેલા સુધારા બાબતે ચર્ચા કરી બહાલી આપવા બાબતે.

ઠરાવ-1 ઉપરોક્ત વિદ્યાસભાના અહેવાલનોંધ અંગે ડૉ. આરતીબહેન વિનોદચંદ્ર પટેલે (પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય) કુલ ચાર સુધારા અને ડૉ. સંધ્યાબહેન ઠાકરે (પ્રાધ્યાપક અને નિયામક, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ) બે સુધારા દર્શાવ્યા હતા. ડૉ. સંધ્યાબહેને દર્શાવેલા બંને સુધારાનો સમાવેશ ડૉ. આરતીબહેને દર્શાવેલા સુધારા નં.-3 અને નં.-4 માં સામેલ થઈ જાય છે તે જાણ સારુ.

(1) વિદ્યાસભાના અહેવાલ નોંધમાં સભ્યોની યાદીમાં ક્રમ નં.-4 માં ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યાની સાથે હોદ્દો કા. આચાર્ય, શિક્ષણ મહાવિદ્યાલય શરતચૂકથી લખવામાં આવ્યું હતું. તેમાં કાર્યકારી શબ્દ રદ કરવા સૂચન કરવામાં આવ્યું હતું, જે સ્વીકારવામાં આવ્યું.

(2) આ જ યાદીમાં ક્રમ નં.-21 માં ડૉ. આરતીબહેન કસ્વેકર એમ નામ લખવામાં આવ્યું હતું. તેમાં ડૉ. આરતીબહેન વિનોદચંદ્ર પટેલ નોંધવા સુધારો સૂચવવામાં આવ્યો હતો, જેનો પણ સ્વીકાર કરવામાં આવ્યો.

(3) અહેવાલ નોંધના ઠરાવ નં.-9 માં સોનલબહેન પટેલના કિસ્સા બાબતે નિર્ણય લેવાની જવાબદારી કુલનાયકશ્રીને સોંપવામાં આવે છે તેની નોંધ થઈ નથી. આથી તે સુધારવા વિનંતી કરવામાં આવી હતી.

(4) અહેવાલ નોંધના ઠરાવ નં.-36 માં એમ.ફિલ. અને પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા માટે પ્રવેશ સમિતિ નીમવાનું નક્કી થયું હતું તેની નોંધ થઈ નથી. આથી તે સુધારવા વિનંતી કરવામાં આવી હતી.

ઉપરોક્ત ક્રમ નં.-3 અને ક્રમ નં.-4 અંગે પરીક્ષામંત્રીએ જરૂરી સ્પષ્ટતા કરતા સુધારો સ્વીકારવામાં આવ્યો ન હતો.

કાર્ય-2 તા. 12/09/2014 ની વિદ્યાસભાની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-1)

ઠરાવ-2 તા. 12/09/2014 ની વિદ્યાસભાના અમલવારીના ક્રમ નં.-4 માં પારંગત અભ્યાસક્રમોમાં ફરજિયાત છાત્રાલય નિવાસ અંગે કુલસચિવશ્રીની નોંધ અંગે કાર્યવાહી બાકી છે, તેની નોંધ લઈ અમલવારી નોંધ ધ્યાને લેવામાં આવી.

ઉપરાંત હવે પછી વિદ્યાસભાની કાર્યસૂચિ, અહેવાલનોંધ વગેરે માત્ર ઈ-મેલથી જ તમામ સભ્યોને મોકલવાનું ઠરાવવામાં આવ્યું. વિદ્યાસભાની બેઠક દરમ્યાન પરિસંવાદ ખંડમાં જ કાર્યસૂચિ વગેરે મોટા પડદા પર પ્રદર્શિત કરવાનું નક્કી કરવામાં આવ્યું.

કાર્ય-3 તા. 20/12/2014ની સ્થાયી સમિતિના અહેવાલનોંધને બહાલી આપવા તથા તેની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-2)

ઠરાવ-3 તા. 20/12/2014ની સ્થાયી સમિતિના અહેવાલનોંધને બહાલી આપવામાં આવી તથા તેની અમલવારીનોંધને ધ્યાને લેવામાં આવી.

સ્થાયી સમિતિના ઠરાવ-3 કાંતણ કસોટી અંગેનો ડૉ. ભરતભાઈ જોશીનો પત્ર વંચાણે લેવામાં આવ્યો હતો.

વિશેષમાં, ડૉ. રામ ગોપાલ સિંહ વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'હિન્દી' વિષયમાં માર્ગદર્શક તરીકેની માન્યતા ધરાવતા હતા. આથી તેમને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં માર્ગદર્શક તરીકે માન્યતા નહીં, પરંતુ 'સંમતિ' આપવામાં આવી તેવો સુધારો કરવામાં આવ્યો.

કાર્ય-4 તા. 17/01/2015ની સ્થાયી સમિતિના અહેવાલનોંધને બહાલી આપવા તથા તેની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-3)

ઠરાવ-4 તા. 17/01/2015ની સ્થાયી સમિતિના અહેવાલનોંધને બહાલી આપવામાં આવી તથા તેની અમલવારીનોંધને ધ્યાને લેવામાં આવી.

કાર્ય-5 અભ્યાસક્રમોના નામાભિધાન તથા વિવિધ વિભાગો માટે ફેકલ્ટીની રચના સંદર્ભે તા. 26-11-2014ના રોજ મળેલી તે અંગેની સમિતિના અહેવાલ બાબતે. (પરિશિષ્ટ-5)

ઠરાવ-5 તા. 26-11-2014ના રોજ મળેલી ઉપરોક્ત સમિતિના અહેવાલનોંધના ઠરાવ નં.-1 માં વિદ્યાપીઠની જે પદવીઓના નામાભિધાનમાં સુધારો કરવાનો હતો તેની જ યાદી રજૂ થયેલી છે. બાકીની પદવીઓ યુ.જી.સી.ની યાદી પ્રમાણે યોગ્ય છે તેમ સમજવાનું રહે છે.

આ જ સમિતિના ઠરાવ નં.-2 માં વિવિધ ફેકલ્ટીઓની રચના બાબતે ચર્ચાને અંતે તેની પુનર્રચના કરવાનું ઠરાવવામાં આવ્યું. ચર્ચામાં આવેલા નીચેનાં સૂચનો ઉપરાંત દરેક વિભાગે ફેકલ્ટીની રચના સંદર્ભે પોતાનાં સૂચનો અભ્યાસક્રમ વિકાસ એકમના સંયોજકશ્રીને / પરીક્ષા વિભાગને દિન-10 માં મોકલી આપવાના રહેશે.

1) ફેકલ્ટી ઑફ આર્ટ્સ એન્ડ સોશ્યલ સાયન્સમાં સમાજવિદ્યા વિશારદ કક્ષાએ ચાલતા અભ્યાસક્રમ 'ગ્રામવિકાસ' નો સમાવેશ કરવો.
2) અનુપારંગત કક્ષાએ 'વિજ્ઞાન અને અહિંસા', 'રસાયણવિજ્ઞાન' તથા 'ભૌતિકવિજ્ઞાન' વિષયનો સમાવેશ જે તે ફેકલ્ટીમાં કરવો.
3) ફેકલ્ટી ઑફ આર્ટ્સ એન્ડ સોશ્યલ સાયન્સમાં સ્નાતક, અનુસ્નાતક, અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ ચાલતા 'હિન્દી' વિષય માટે શિક્ષણનું માધ્યમ 'ગુજરાતી' લખાયું છે તેના બદલે 'હિન્દી' કરવું.

4) ફેકલ્ટીની રચનાની સાથે તેના વડા (Dean)નો હોદ્દો ઊભો કરવો.

5) ફેકલ્ટીના બદલે School નો અભિગમ લેવો વધુ સરળ થઈ શકશે.

6) ફેકલ્ટી કે School ની રચના માટે અન્ય વિશ્વવિદ્યાલયના બે તજ્જ્ઞશ્રીઓને આદરણીય કુલનાયકશ્રી આમંત્રિત કરશે.

7) નાના યુનિટ સાથે ઓછી ક્રેડિટવાળા પાઠ્યક્રમો દરેક અભ્યાસક્રમમાં શરૂ કરવા. દરેક યુનિટ માટે જરૂરી વર્ગની સંખ્યા દર્શાવવી, જેથી વિદ્યાર્થીને પસંદગી કરવામાં સરળતા રહે. વળી, તે પ્રમાણે સમયપત્રક પણ તૈયાર કરવાનું રહે.

કાર્ય-6 NCTE અધિનિયમ, 2014 મુજબ અભ્યાસક્રમ સંબંધિત ફેરફાર બાબતે. (પરિશિષ્ટ-5)

ઠરાવ-6 NCTE અધિનિયમ, 2014 મુજબ શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ ખાતે ચાલતા શિક્ષણ વિશારદ (B.Ed.), શિક્ષણ પારંગત (M.Ed.) તથા હિન્દી શિક્ષક મહાવિદ્યાલય, અમદાવાદ ખાતે ચાલતા હિન્દી શિક્ષા વિશારદ (Hindi B.Ed.) અને મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા ખાતે ચાલતા શારીરિક શિક્ષણ વિશારદ (B.P.Ed.), શારીરિક શિક્ષણ પારંગત (M.P.Ed.)નો અભ્યાસક્રમ બે વર્ષ (ચાર સત્રો) કરવાની કાર્યવાહી જે તે મહાવિદ્યાલય દ્વારા ચાલી રહી છે તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-7 સત્રાંત પરીક્ષામાં ગેરવાજબી રીતરસમના કિસ્સામાં બે વર્ષના બદલે એક વર્ષની સજા કરવા અંગે ગેરવાજબી રીતરસમ સમિતિની દરખાસ્ત અંગે.

ઠરાવ-7 સત્રાંત પરીક્ષામાં ગેરવાજબી રીતરસમના કિસ્સામાં બે વર્ષના બદલે એક વર્ષની સજા કરવા અંગે ગેરવાજબી રીતરસમ સમિતિની દરખાસ્ત સ્વીકારવામાં ન આવી. પરંતુ આવા કિસ્સામાં વિદ્યાર્થીને સંસ્થામાં યોગ્ય કામ સોંપવાનું અને તે પેટે મહેનતાણું આપવાનું નક્કી કરવામાં આવ્યું. એક વર્ષ બાદ વિદ્યાર્થીએ કરેલા કાર્યનું મૂલ્યાંકન કરવું એ પછી ગેરવાજબી રીતરસમ સમિતિ જે તે વિદ્યાર્થીની સજા વધુ એક વર્ષ માટે લંબાવવી કે કેમ તે નક્કી કરશે તેવું ઠરાવવામાં આવ્યું.

જો કોઈ વિદ્યાર્થી સંસ્થામાં કામ કરવાનું ન સ્વીકારે તો તેવા કિસ્સામાં બે વર્ષની સજા રહેશે.

કાર્ય-8 વિવિધ અભ્યાસક્રમોના અંતિમ સત્રમાં આવતા ઉદ્યોગકાર્યમાંથી વિદ્યાર્થીઓને મુક્તિ આપવા બાબતે.

ઠરાવ-8 ઉદ્યોગકાર્ય એ શૈક્ષણિક કાર્ય છે. આથી અંતિમ સત્રમાં ઉદ્યોગકાર્યમાંથી વિદ્યાર્થીઓને મુક્તિ ન આપવાનું ઠરાવવામાં આવ્યું. પરંતુ આ માટે ઉદ્યોગ સંદર્ભે ફરીથી બેઠક રાખવાનું નક્કી કરવામાં આવ્યું. આ બેઠકમાં નીચેના મુદ્દાઓના સંદર્ભે વિચારણા કરવાની રહેશે.

1) અંતિમ સત્રમાં ઉદ્યોગકાર્ય જે તે વિભાગ પોતાની રીતે ગોઠવી શકશે.

2) ઉદ્યોગના કારણે વિદ્યાર્થીમાં Value Addition થાય તે જોવું.

3) ઉદ્યોગ એટલે ઉત્પાદન એવો ખ્યાલ ન રાખવો. પરંતુ Service Sector ને પણ ગ્રાહ્ય રાખવું.

4) શક્ય હોય તો અમદાવાદ પરિસરના બધા જ વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગોની સંખ્યા નક્કી કરવી અને તેમાંથી વિદ્યાર્થીને પસંદગી માટે તક આપવી.

5) સાદરા તથા રાંધેજાના પરિસરમાં ઉદ્યોગકાર્યની સાથે અધ્યાપકોને જોડ્યા છે, એ પ્રમાણે અમદાવાદ પરિસરમાં પણ વ્યવસ્થા થાય તે જોવું.

કાર્ય-9 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'શિક્ષણશાસ્ત્ર' વિષયમાં પાંચમા વર્ષનો મુદત વધારો આપવા માટે પ્રજ્ઞા નિમાવતની અરજી બાબતે.

ઠરાવ-9 પ્રજ્ઞા નિમાવતની નોંધણી તારીખ 15-11-2010 છે. તેમની નોંધણીને તા. 14-11-2014 ના રોજ ચાર વર્ષ પૂરા થયેલા છે. આ તારીખ પહેલા પાંચમા વર્ષની મુદત વધારા માટે કાર્યવાહી થવી જોઈતી હતી, પરંતુ તેમની અરજી તા. 28-01-2015 ના રોજ પરીક્ષા વિભાગને મળી હતી. આથી સત્ર શરૂ થયા પછી ત્રીસ દિવસ સુધી ફી ભરી ન હોવાથી નિયમ પ્રમાણે બમણી ફી લઈને તેમનો પ્રવેશ ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું. તેમના પ્રગતિ અહેવાલો મળેલા છે અને માર્ગદર્શકશ્રીની ભલામણ પણ છે તે જાણ સારુ.

➔ પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થયેલાં કાર્યો :

કાર્ય-10 ભારતીય ભાષા-સંસ્કૃતિ સંસ્થાન દ્વારા ચાલતા ભારતીય અને વિદેશી ભાષાના પ્રાથમિક અભ્યાસક્રમ તથા પ્રમાણપત્ર અભ્યાસક્રમની માન્યતા માટે વિભાગીય અધિકારીની દરખાસ્ત બાબતે.

ઠરાવ-10 ભારતીય ભાષા-સંસ્કૃતિ સંસ્થાન દ્વારા ચાલતા ભારતીય અને વિદેશી ભાષાના પ્રાથમિક અભ્યાસક્રમ (નિયમિત) તથા પ્રમાણપત્ર અભ્યાસક્રમ (નિયમિત)ને માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-11 M.P.Ed. સત્ર-2, B.P.E. સત્ર-5 તથા સત્ર-6 માં આવતા 'કમ્પ્યૂટર એપ્લિકેશન' પ્રશ્નપત્રના સુધારેલા અભ્યાસક્રમની મંજૂરી અંગે સંયોજકશ્રીની દખાસ્ત બાબતે.

ઠરાવ-11 M.P.Ed. સત્ર-2, B.P.E. સત્ર-5 તથા સત્ર-6 માં આવતા 'કમ્પ્યૂટર એપ્લિકેશન' પ્રશ્નપત્રના સુધારેલા અભ્યાસક્રમને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. આ અભ્યાસક્રમનો અમલ વર્ષ-2015-16 થી કરવાનો રહેશે.

કાર્ય-12 હયાત ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ અથવા નવા ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટના શૈક્ષણિક વર્ષ 2015-16 માટે માન્યતાની કાર્યવાહી બાબતે A.I.C.T.E.ની જાહેર સૂચના અંગે.

ઠરાવ-12 હયાત ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ અથવા નવા ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટના શૈક્ષણિક વર્ષ 2015-16 માટે માન્યતાની કાર્યવાહી બાબતે A.I.C.T.E.ની જાહેર સૂચનાને ધ્યાને લેવામાં આવી.

કાર્ય-13 U.G.C.ના સૂચિત Vocational અભ્યાસ સંદર્ભે સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન તથા પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગના અધ્યક્ષશ્રીના પત્ર બાબતે.

ઠરાવ-13 આદરણીય કુલનાયકશ્રીએ U.G.C.ના સૂચિત Vocational અભ્યાસ સંદર્ભે દરેક મહાવિદ્યાલય / વિભાગને ઘટતી કાર્યવાહી માટે જાણ કરી હતી. જેના સંદર્ભમાં સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન તથા પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ તરફથી જે નોંધ મળી તેને ધ્યાને લેવામાં આવી. અન્ય વિભાગો પણ પોતાની નોંધ દિન-10 માં મોકલી આપે. જેથી જૂન-2016 થી તેનો અમલ કરી શકાય તે માટે અત્યારથી તૈયારી કરી શકાય.

કાર્ય-14 સ્થાયી સમિતિના સભ્યોની સંખ્યા અને ફેકલ્ટી રચના સંદર્ભે ડૉ. નિમિષાબહેન શુક્લના પત્ર બાબતે.

ઠરાવ-14 ડૉ. નિમિષાબહેન નીચેની બે બાબતો અંગે ઘટતું કરવા પત્ર લખ્યો હતો.

(1) વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે સ્થાયી સમિતિમાં મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય પૂરતું પ્રતિનિધિત્વ મળે તે માટે તેની પુનર્રચના કરવા જણાવ્યું હતું.

સ્થાયી સમિતિની રચના વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે નહીં પરંતુ દરેક મહાવિદ્યાલય અને અનુસ્નાતક કેન્દ્રોને ધ્યાને રાખી તેના દરેક વડાઓને તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે સ્થાયી સમિતિની રચના કરવામાં આવે તો સ્થાયી સમિતિ ત્રીસેક સભ્યોની બને જે વિદ્યાસભાના સભ્યોની સંખ્યા કરતાં થોડી જ નાની બને. વળી, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલયમાં પણ વિવિધ વિભાગોમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘણો તફાવત હોય છે. આથી દરેક વિભાગના વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે પ્રતિનિધિત્વ આપવામાં સવાલો ઉપસ્થિત થવાની શક્યતા છે. આ મુદ્દાને ધ્યાને રાખી સ્થાયી સમિતિની પુનર્રચના અંગે વિચારવા પરીક્ષામંત્રીએ સૂચવ્યું હતું.

(2) વિવિધ ફેકલ્ટીઓ હેઠળ સમાવેશ કરેલા વિભાગો / અભ્યાસક્રમોની સંખ્યામાં વિસંગતતા છે તેથી તેની પણ પુનર્રચના કરવા તેમણે સૂચવ્યું હતું.

અગાઉ આપણે ત્યાં માત્ર બે જ ફેકલ્ટી હતી. (i) સમાજવિદ્યા શાખા અને (ii) શિક્ષણ શાખા. ફેકલ્ટીની રચના માટેની સમિતિએ ઉપરોક્ત બે સમિતિ ઉપરાંત બાકીની ત્રણ નવી ફેકલ્ટી રચના કરી સમાજવિદ્યા શાખાનાં વિભાગોને ત્રણ નવી ફેકલ્ટીમાં સમાવેશ કર્યો હતો. છતાં પણ આ વિદ્યાસભા અહેવાલનોંધના ઠરાવ નં.-5 માં જણાવેલા મુદ્દાઓને ધ્યાને રાખી ફેકલ્ટીની પુનર્રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું.

કાર્ય-15 ફેરતપાસ અંગે ઝડપી કાર્યવાહી બને તે માટે પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

ઠરાવ-15 ફેરતપાસની કાર્યવાહી ઝડપી બને તે માટે નીચે પ્રમાણે સૂચનો થયાં તેને સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

1) જે તે મહાવિદ્યાલય / વિભાગ દ્વારા રજૂ થતી પરીક્ષક પેનલમાં ઓછામાં ઓછા પાંચથી છ નામ પૂરી વિગત (કચેરી તથા ઘરનું સરનામું, ટેલિફોન નંબર સાથે) સાથે હોવા જરૂરી છે.
2) ઓછામાં ઓછા ત્રણ પરીક્ષકો અમદાવાદ(સ્થાનિક)ના હોય તે ધ્યાને રાખવું.
3) સંસ્થાના જ અલગ અલગ પરિસરના પ્રાધ્યાપકો દ્વારા અરસ-પરસ ફેરતપાસનું કાર્ય ગોઠવી શકાશે.
4) શક્ય હશે ત્યાં સુધી રજૂ થયેલી પરીક્ષક પેનલમાંથી જ ફેરતપાસ માટે પરીક્ષકની નિમણૂક પરીક્ષામંત્રી કરશે. આમ છતાં જરૂર જણાય તો આદરણીય કુલનાયકશ્રીની મંજૂરીથી પેનલ સિવાયના પરીક્ષકશ્રીઓની નિમણૂક પરીક્ષામંત્રી કરી શકશે.

અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.

2/3/2

તા. 27/02/2015

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ